# આંધ્રમાં બંધથી જનજીવન ખોરવાયુ



નવી દિલ્હી,તા. ૩૧

આંધ્રપ્રદેશમાંથી અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાના કોંગ્રેસ અને યુપીએ સરકારના નિર્ણયની સામે રાયલસીમા અને દરિયાકાંઠાના આંધ્રપ્રદેશના ક્ષેત્રોમાં આજે બંધની હાકલના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયુ હતુ. બંધ દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ અને વાણિજ્ય સંસ્થાઓ બંધ રહી હતી. સરકારી રાજ્ય માર્ગ પરિવહન નિગમની સેવાઓ રાયલસીમા અને આંધ્રપ્રદેશના કડાપ્પા, વિશાખાપટ્ટનમ અને કૃષ્ણા જેવા જિલ્લાઓમાં રદ કરી દેવામાં આવી હતી. અખંડિત આંધ્રપ્રદેશના સમર્થનમાં રહેલા જુદા જુદા સંગઠનોએ આંધ્રપ્રદેશને બે ભાગોમાં વિભાજિત કરવાના કોંગ્રેસના નિર્ણય સામે બંધની હાંકલ કરી હતી. બંધ દરમિયાન કોઈ પણ પ્રકારની હિંસા થઈ ન હતી. જો કે બંને ક્ષેત્રોમાં નિરાશાનું વાતાવરણ રહ્યુ હતુ. કાયદો અને વ્યવસ્થાની સ્થઈતિને જાળવી રાખવા માટે કેટલીક જગ્યાઓ પર સેવાઓ બંધ રાખવામાં આવી હતી. વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. રાજ્ય પોલીસ ઉપરાંત કેન્દ્રિય અર્ધલશ્કરી દળો પણ ગોઠવવામાં આવ્યા હતા. શૈક્ષણિક સંસ્થાઓ, વાણિજ્ય પેઢીઓ સંપૂર્ણપણે બંધ રહી હતી. જુદા જુદા સંગઠનોએ સંયુક્ત આંધ્રપ્રદેશની માંગને ટેકો આપ્યો હતો. રેલીઓનું આયોજન કરાયુ હતુ. જુદાજુદા કાર્યક્રમો યોજાયા હતા. આરટીસીની કેટલીક બસોને રોકવામાં આવી હતી. જો કે હિંસાના કોઈ મોટા સમાચાર બંને પ્રદેશોમાંથી મળ્યા ન હતા. આંધ્રપ્રદેશમાં હાલ પંચાયતી ચૂંટણી પણ ચાલી રહી છે જેના લીધે પણ સાવધાની રાખવામાં આવી છે.







કોંગ્રેસ અને યુપીએ દ્વારા ગઈકાલે અલગ તેલંગાણાની રચનાને સંયુક્તરીતે ટેકો આપ્યો હતો. તેલંગાણાની રચનાને કેટલાક લોકો સમર્થન પણઆપી રહ્યા છે. વિજયવાડા ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ રામચંદ્ર રાવે કહ્યુ છે કે બંધને ટેકો આપતા વેપારી પેઢીઓ બધ રાખવામાં આવી છે. કેટલીક જગ્યાઓએ સરકારી અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા ન હતા. અલગ તેલંગાણા સામે કેટલાક વિદ્યાર્થી નેતાઓ પણ દેખાવો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ, રાજકારણીઓએ રાષ્ટ્રીય હાઈવે પર ૩૦ મિનિટ સુધી ચક્કાજામની સ્થિતિ સર્જી હતી. પથ્થરમારાના બનાવો પણ બન્યા હતા. રાજામુંદ્રેમાં ગોકાવારમ બસસ્ટેન્ડ ખાતે કોંગ્રેસ અને ટીડીપીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી.

## ઈન્કમટેક્સ રિટર્ન ભરવાની તારીખ ૫ દિવસ લંબાવાઈ

### ઈલેક્ટ્રોનિકલી રીતે ભરવામાં આવતા આઈટી રિટર્નની સંક્યામાં વધારો થતા તારીખ વધારવા નિર્ણય કરાયો

નવી દિલ્હી,તા.૩૧

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સરકારે ઈન્કમટેક્સ રીટર્ન ભરવા માટેની અંતિમ તારીખ પાંચ દિવસ સુધી લંબાવીને પાંચમી ઓગસ્ટ કરી દેતા આવકવેરા રિટર્ન ભરનાર લોકોને વધુ મહેતલ મળી ગઈ છે.

નિર્ધારિત તારીખ આજે પૂરી થઈ ગઈ હતી જેને લંબાવીને હવે પાંચમી ઓગસ્ટ કરી દેવામાં આવી છે. ઈલેક્ટ્રોનિકલીરીતે ભરવામાં આવી રહેલા આઈટી રિટર્નની સંખ્યામાં ઉલ્લેખનીય વધારો થયા બાદ આ તારીખમાં વધારો કરવામાં આવ્યો છે. નાણાં મત્રાલયના અધિકારીનું કહેવું છે કે કરદાતાઓ દ્વારા અપનાવવામાં આવેલી ઝુંબેશ પણ કારણરૂપ રહી છે. કરદાતાઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી માંગ કરવામાં આવી હતી જેથી ૩૧મી જુલાઈ ૨૦૧૩ના બદલે ઈન્કમટેક્સ રીટર્ન ભરવાની છેલ્લી તારીખ લંબાવીને પાંચમી ઓગસ્ટ ૨૦૧૩ કરી દેવામાં આવી છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સના જણાવ્યા મુજબ રિટર્નભરનાર લોકોની સંખ્યામાંુ ઉલ્લેખનીય વધારો થયો છે. આ વર્ષે ૩૦મી જુલાઈ સુધી ૯૨ લાખ રિટર્નઈલેક્ટ્રોનિકલી રીતે ભરવામાં આવી ચુક્યા છે જે છેલ્લા નાણાંકીય વર્ષમાં ભરવામાં આવેલા રિટર્ન કરતા ૪૬.૮ ટકા વધારે છે. ઈન્કમટેક્સ રિટર્ન દાખલ કરનાર લોકોની માંગણીને ધ્યાન્માં લઈને વધુ પાંચ દિવસની મહેતલ ઈન્કમટેક્સ રીટર્ન ભરવા માટે આપવામાં આવી છે. આ ગાળા દરમિયાન પણ રિટર્ન નહીં ભરનાર લોકો સામે કાયદાકીય રીતે કાર્યવાહી હાથ ધરાશે. ઈન્કમટેક્સ રિટર્ન ભરનાર લોકોની સંખ્યા દેશમાં હાલ પ્રમાણમાં ઓછી છે.

## લકઝરી ચીજવસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરાશે

નવી દિલ્હી,તા. ૩૧

નાણાંપ્રધાન પી. ચિદમ્બરમ્ તમામ પ્રકારની તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા લોકો ઉપર વધુ બોજ નાંખવાની તૈયારી કરી ચૂક્યા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ચિદમ્બરમ્ લકઝરી ચીજવસ્તુઓને વધુ મોંઘી બનાવનાર છે. આનો મતલબ એ થયો કે લકઝરી ચીજવસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવા માટે સરકારે તૈયારી કરી લીધી છે. લકઝરી ચીજવસ્તુઓ ઉપર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવા ઉપરાંત સરકાર સ્થાનિક રીતે તૈયાર કરવામાં આવેલી કેટલીક ચીજવસ્તુઓ ઉપર ડ્યુટીમાં વધારો કરે તેવી શક્યતા છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય (સીએડી)ને અંકુશમાં લેવા માટે બિનજરૂરી આયાત સામે આકરા પગલાં લેવામાં આવે તેવી શક્યતા છે. અલબત્ત ચિદમ્બરમ્ કઈ વસ્તુ ઉપર ડ્યુટી વધારાશે તેની કોઈ વાત કરી નથી. આના માટે કોઈ ચોક્કસ દરખાસ્ત તૈયાર કરવામાં આવી નથી. સોનાના મામલામાં પહેલાથી જ આયાત અંકુશ મૂકવા માટે પગલાં લેવામાં આવી ચૂક્યા છે. કઈ પ્રોડક્ટ ઉપર ડ્યુટીમાં વધારો કરવામાં આવનાર છે તેની વાત કરવામાં આવી નથી પરંતુ આ હિલચાલ સામાન્ય લોકો અને મધ્યમ વર્ગના લોકોના ખિસ્સા ઉપર વધુ બોજ ઝીકી શકે છે. ચિદમ્બરમ્ની આ હિલચાલ ચૂંટણી સમયમાં પક્ષને નુકસાન પણ પહોંચાડી શકે છે. એક મુલાકાતમાં નાણામંત્રાલયમાં તેમની વાપસીમાં એક વર્ષ પરિપૂર્ણ કરનાર ચિદમ્બરમ્ કહ્યું હતું કે અમે સોનાના મામલામાં આગળ વધી ચૂક્યા છીએ. હવે વધુ કેટલીક આયાત ઉપર નજર છે. જુદા જુદા ચિત્રને ધ્યાનમાં લઈને પગલાં લેવામાં આવશે. સીએડીને અંકુશમાં લેવા માટે પગલાં ખૂબ જ જરૂરી બની ગયા છે. જો કે તમામ ચીજો બિનજરૂરી અને ઓછી મહત્વવાળી રહેશે. કેટલાક લોકો આ ચીજવસ્તુને લકઝરી તરીકે ગણે છે. સરકાર હાલમાં તીવ્ર આર્થિક મંદીના સંકંજામાં છે. કિંમતો વધી રહી છે. ડૉલર સામે રૂપિયો ઘટી રહ્યો છે. ઉદ્યોગમાં મંદી પ્રવર્તી રહી છે. વિકાસને તીવ્ર બનાવવા કેટલાક પગલાં જાહેર કરવામાં આવી ચૂક્યા છે. ગ્રોથ રેટ પાંચ ટકાના દશક નીચે સ્તર ઉપર છે. વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા અને રૂપિયામાં તીવ્ર મંદીના કારણે તકલીફ વધી છે. નાણાંપ્રધાનનું કહેવું છે કે યુએસ ફેડરલ રિઝર્વના ચેરમેન બેન બરનાઈક દ્વારા હાલમાં લેવામાં આવેલા પગલાંના લીધે રૂપિયામાં ઊથલ પાથલ જોવા મળી છે.

સ્થિતને વધુ ચિંતાજનક બનાવવા કેગની ભૂમિકા રહેલી છે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમને કોઈ વાત કરી ન હતી. જો કે તેમને ઉમેર્યુ હતું કે આર્થિક ચિત્ર નબળું હોવા છતાં કોંગ્રેસે વર્ષ ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી બાદ પણ કોંગ્રેસ યુપીએ-૩નું નેતૃત્વ કરી શકશે. એક મુદ્દાઓ ઉપર કોઈપણ લોકો મત આપે તેમ નથી. એકંદરે લોકો કોંગ્રેસ દ્વારા નક્કી કરવામાં આવેલી પ્રાથમિકતાના આધારે મત આપશે. ચૂંટણી પહેલાના ગઠબંધનો અને ચૂંટણી બાદના સાથી પક્ષોથી યુપીએ-૩ બનશે. કોંગ્રેસની નેતાગીરી હેઠળ યુપીએ-૩ની રચના કરાશે. ચિદમ્બરમ્નું કહેવું છે કે ફુગાવાને અંકુશમાં લેવા માટે પણ પગલાં લેવામાં આવી રહ્યા છે. હાલમાં સરકારની નજર વર્તમાન ખાતાકીય ખાદ્ય ઉપર નજર થઈ છે. લેન્ડીંગ વિન્ડો મારફતે ઈન્ટરનેશનલ મોનિટરીંગ ફંડ સમક્ષ રજૂઆત કરવાની કોઈ યોજના હોવાનો નાણાંમંત્રીએ ઈનકાર કર્યો હતો.


## સમાચાર ઝલક

- ♣ બનાસકાંઠાની વિચરતી જાતિ આઝાદીનાં ૬૬ વર્ષે પણ મતાધિકારથી વંચિત...
- ♣ પ્રથમ મેડિકલ મેરીટ લિસ્ટ પાંચમી ઓગષ્ટે જાહેર થઇ શકે.
- ♣ ગુજરાત પોલીસના જવાનોને ફાયર પ્રુફ ગણવેશ અપાશે.
- ♣ ટૂંક સમયમાં ફરી પેટ્રોલ-ડિઝલનાં ભાવમાં વધારે થશે.
- ♣ વીજગ્રાહકોને રાહત, ફ્યુઅલ સરચાર્જમાં ૫ પૈસાનો ઘટાડો.
- ♣ ચાલુ વર્ષે જુલાઇમાં ગત દસ વર્ષ કરતાં વધુ વરસાદ.
- ♣ રાજસ્થાન ટ્રક-સ્કૂલ બસ વચ્ચે અકસ્માતમાં ૧૩ બાળકોનાં મોત.
- ♣ વડોદરામાં રાત્રે નવ વાગ્યા સુધી ટ્યુશન કલાસીસ ચાલુ રાખવા બદલ સંચાલકોની ધરપકડ.
- ♣ પૂર્વ ગૃહમંત્રી અમિત શાહની તબિયત નાદુરસ્ત.
- ♣ બીસીસીઆઇ ક્રિકેટ બોર્ડને ઝટકો, આઇ.પી.એલ. ફિક્સીંગની તપાસ ગેરકાયદેસર ઠરાવતી મુંબઇ હાઇકોર્ટ.
- ♣ રાજકોટમાં પૂ.મોરારીબાપુના વરદ હસ્તે 'સાચો શિક્ષક ધર્મ' પુસ્તકનું શુક્રવારે લોકાર્પણ.
- ♣ રાજનાથસિંહ, લાલુપ્રસાદ યાદવ સહિત ૧૬૩ સાંસદો વિકાસ ભંડોળનો ઉપયોગ કરવામાં નિષ્ફળ.
- ♣ કન્યાને લગ્નમાં રાજીખુશીથી આપેલો સામાન દહેજ ન ગણાય.
- ♣ ઝાડ-પાન વચ્ચે ચાલવાથી બ્લડપ્રેશર કાબુમાં રહે છે.
- ♣ ગરીબો અંગે વાણીવિલાસ બંધ કરવા કોંગ્રેસનાં નેતાઓને શ્રીમતી સોનિયા ગાંધીની શીખ.
- ♣ શ્રેષ્ઠ ભારતીય બ્રાન્ડ તરીકે ટાટા પ્રથમ ક્રમે, બીજા ક્રમે રિલાયન્સ.
- ♣ સરોદવાદનના વિશ્વ ખ્યાતિ પ્રાપ્ત અમજદ અલીખાનને રાજીવગાંધી સદ્‌ભાવના એવોર્ડ તા.૨૦મી ઓગસ્ટે એનાયત થશે.
- ♣ સાપુતારામાં તા.૩જી ઓગષ્ટથી મોન્સૂન ફેસ્ટિવલ ઉજવાશે.
- ♣ મોરબી-કચ્છમાં રિયલ એસ્ટેટ સિરામીક ઉદ્યોગો પર દરોડા.
- ♣ ભારે વરસાદથી પાક પર માઠી અસર, ઉત્પાદન ઘટી શકે, ગુજરાતમાં ૧૦૦% ટકા વરસાદ થવાની સંભાવના, પોરબંદરમાં સિઝનનો ૧૦૧% વરસાદ નોંધાયો.
- ♣ ખર્ચમાં કાપ મૂકવા માટે કેન્દ્ર સરકારની ભલામણ.
- ♣ આગ્રામાં જન્મેલા મમનૂન હુસેન પાકિસ્તાનનાં ૧૨માં નવા રાષ્ટ્રપતિ બન્યા.

## શ્રીલંકામાં કુલ ૬૫ ભારતીય માછીમારોની અટકાયત થઈ

નવી દિલ્હી,તા. ૩૧

શ્રીલંકન નૌકા સેના દ્વારા આંતરરાષ્ટ્રીય મેરીટાઈમ બોર્ડરનો ભંગ કરવા બદલ ભારતના ૬૫ માછીમારોની ધરપકડ કરી છે. આ ઉપરાંત તેમની નૌકાઓ પણ કબજે કરી લેવામાં આવી છે. નૌકા સેનાના પ્રવક્તા કમાન્ડર કોસાલાનું કહેવું છે કે આ માછીમારો પૈકીના ૩૪ પાંચ નૌકાઓમાં



હતા. આ લોકો ઈન્ટરનેશનલ મેરીટાઈમ બોર્ડરનો ખુલ્લો ભંગ કર્યો હતો. જ્યારે અન્ય ચાર વહાણની સાથે ૩૧ની અટકાયત કરવામાં આવી હતી. ભારતીય માછીમારોની ધરપકડ કરવામાં આવ્યા બાદ રાજદ્વારી સ્તરે માછીમારોને છોડાવવાના પ્રયાસો ભારત સરકાર દ્વારા હાથ ધરવામાં આવી ચુક્યા છે. આ ધરપકડ ગઈકાલે મોડી રાત્રે કરાઈ હતી. માછીમારોને સંબંધિત સત્તાવાળાઓને સોંપવામાં આવ્યા છે. શ્રીલંકન નૌકાસેનાના અધિકારીનું કહેવું છે કે ઈન્ટરનેશનલ મેરીટાઈમ બોર્ડર હદનો ભંગ કરવાનો તેમના પર આક્ષેપ છે. દરમિયાનમાં શ્રીલંક પ્રમુખ મહિન્દા રાજા પક્ષેનું કહેવુ છે કે ભારતીય માછીમારો દ્વારા વારંવાર મેરીટાઈમ બોર્ડરનો ભંગ કરવામાં આવે છે. આ એક આયોજિત ઓપરેશન હોઈ શકે છે. શ્રીલંકન સરકાર આ મુદ્દા પર ભારત સરકાર સાથે વાતચીત કરવાના મુડમાં છે. શ્રીલંકન સરકારનું કહેવું છે કે ભારત ટૂંકમાં જ વાતચીત શરૂ કરે તે જરૂરી છે કારણ કે માછીમારોનો મામલો દિનપ્રતિદિન ગંભીર બની રહ્યો છે.

## હવે જમ્મુ કાશ્મીરના વિભાજનની માંગણી

આંધ્રપ્રદેશમાંથી અલગ તેલંગાણા રાજ્યની રચનાકરવાના કેન્દ્રના નિર્ણય બાદ મોટા રાજ્યોને વિભાજિત કરીને નાના રાજ્યોની રચનાના માંગ હવે ગરમી પકડી રહી છે.

હવે શિવ સેનાએ જમ્મુ કાશ્મીરના વિભાજનની માંગણી કરી છે. આજે સેંકડોની સંખ્યામાં શિવસેનાના કાર્યકરો જમ્મુમાં એકત્રિત થયા હતા અને અલગ રાજ્યની રચનાની માંગણી કરી હતી. અન્ય રાજકીય પક્ષો દ્વારા પણ પોત પોતાની રીતે માંગણી કરવામાં આવી રહી છે. કોંગ્રેસ કારોબારી સમિતિએ ગઈકાલે અલગ તેલંગાણા રાજ્યની માંગણીને સ્વીકારી લીધી હતી. આરએલડીના વડા અને નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીતસિંહનું કહેવું છે કે રાજ્યના પશ્ચિમી ભાગોમાંથી ઉત્તરપ્રદેશના પણ વિભાજન કરીને અલગ હરિતપ્રદેશ બનાવવામાં આવે.

## ફેસબુક દ્વારા ૬૦ લાખના પગાર ઉપર બેની પસંદગી

અલ્હાબાદ,તા. ૩૧

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફરમેશન ટેકનોલોજી (આઈઆઈઆઈટી) હૈદરાબાદમાં બે વિદ્યાર્થીઓની લોકપ્રિય સોશિયલ નેટવર્કીંગ સાઈટ ફેસબુક દ્વારા પસંદગીકરવામાં આવી છે. તેમનો વાર્ષિક પગાર ૬૦ લાખ રૂપિયા રાખવામાં આવ્યો છે. જ્યારે અન્ય એક વિદ્યાર્થીને ગુગલના સ્ટુડન્ટ એમ્બેસટર તરીકે પસંદગી કરવામાં આવી છે. આની સાથે જ આઈઆઈટી અલ્હાબાદ આંતરરાષ્ટ્રીય સ્તરે લોકપ્રિયતા મેળવવામાં સફળ રહી છે. આ સંસ્થાના વિદ્યાર્થીઓ હાલમાં આંતરરાષ્ટ્રીય મંચ પર લોકપ્રિયતા મેળવી રહ્યા છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ફરમેસન ટેકનોલોજીના બે વિદ્યાર્થીઓને આકર્ષક પેકેજ ફેસબુક તરફથી મળ્યા બાદ અન્ય વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધ્યો છે. સંસ્થાના ડિરેક્ટર એમડી તિવારીએ કહ્યુ છે કે અંકિત ગુપ્તા અને યોગેશ શર્માની ફેસબુક દ્વારા ભરતી કરવામાં આવી છે. આ બંને બીટેક ફાઈનલ વર્ષના વિદ્યાર્થી છે.તેમની બેચના સાથી દેવાશું ગર્ગની ગુગલ સ્ટુડન્ટ એમ્બેસટર તરીકે પસંદગી કરવામાં આવી છે. જે આગામી શૈક્ષણિક વર્ષ માટે આઈઆઈઆઈટી અલ્હાબાદ માટેનું પ્રતિનિધિત્વ કરશે. તિવારીએ કહ્યુ હતુ કે ગર્ગની પસંદગી અંગેની માહિતી ગુગલ ઈન્ડિયાના કન્ટ્રી હેડ સુનિલ રાવ દ્વારા મોકલવામાં આવેલા પત્ર મારફતે મળી છે. આ વર્ષે સંસ્થાને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. ગુગલ અને ફેસબુક જેવી કંપનીઓ સંસ્થા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. તિવારીએ એમ પણ કહ્યુ છેકે ઘણી કંપનીઓએ ૨૦૧૨-૧૩ની સિઝનમાં કેમ્પસની મુલાકાત લીધી હતી. બીટેકના વિદ્યાર્થીઓએ ડઝન જેટલી કંપનીઓમાં ૧૦૦ટકા પ્લેસમેન્ટ મેળવવામાં સફળતા મેળવી છે. ૭૦ ટકાથી વધુ વિદ્યાર્થીઓને ૫.૫ લાખથી વધુની ડ્રિમપેકેજ મળ્યુ છે. સૌથી જંગી પેકેજ ૬૦ લાખનું છે. ગુગલ, માઈક્રોસોફ્ટ, વોલમાર્ટ, યાહુ, ફેસબુક, વેરીઝોન જેવી કંપનીઓ ભરતી માટે પહોંચી હતી.

## નવા ગવર્નરની શોધ સરકાર દ્વારા શરૂ થઈ

નવી દિલ્હી,તા. ૩૧


નાણામંત્રી પી. ચિદમ્બરમ્ કહ્યું છે કે રિઝર્વ બેંકના ગવર્નર ડી. સુબ્બારાવ એક્ટેન્શનની ઈચ્છા રાખતા નથી. આરબીઆઈની નાણાંકીય નીતિની સમીક્ષા સુબ્બારાવે જારી કરી દીધી છે. ગઈકાલે નીતિ જાહેર કરાયા બાદથી તર્કવિતર્કોનો દોર ચાલી રહ્યો હતો. ચિદમ્બરમ્ કહ્યું છે કે ડી. સુબ્બારાવે એક્ટેન્શન માટે ઈન્કાર કર્યા બાદ રિઝર્વ બેંકના નવા ગવર્મેન્ટ માટે શોધખોળ શરૂ થઈ ચૂકી છે. રિઝર્વ બેંકમાં ૫મી સપ્ટેમ્બર બાદ જગ્યા રહેશે. સુબ્બારાવ ૫મી સપ્ટેમ્બરના દિવસે પાંચ વર્ષની અવધી પૂરી થયા બાદ નિવૃત્ત થશે. હજુ સુધી કોઈ પ્રબળ દાવેદાર ઊભરીને આવ્યા નથી. ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી બાદ નવા ગવર્નરની યોજના હતી પરંતુ હવે ઉમેદવારની શોધખોળ હાથ ધરવામાં આવશે. યોગ્ય ઉમેદવાર ન દેખાતા એમ માનવામાં આવી રહ્યું હતું કે ૨૦૧૪ની સામાન્ય ચૂંટણી બાદ રિપ્લેશમેન્ટ મળે ત્યાં સુધી સુબ્બારાવને જ ચાલુ રાખવામાં આવશે.

## એફડીઆઈ પોલીસીને વધુ ઉદાર બનાવાશે : ચિદમ્બરમની ખાતરી

### રૂપિયો સ્થિર થયા બાદ વ્યાજદર ઘટવાની શરૂઆત થશે

નવી દિલ્હી,તા. ૩૧

ડોલર સામે રૂપિયામાં સતત થઈ રહેલા ઘટાડા વચ્ચે નાણાં પ્રધાન પી ચિદમ્બરમે કહ્યુ હતુ કે સરકાર એફડીઆઈ પોલીસીને વધુ ઉદાર બનાવશે. સાથેસાથે વિદેશી માર્કેટમાંથી ફંડ એકત્રિત કરવા જાહેર ક્ષેત્રના એકમોને પ્રોત્સાહન આપશે. નાણાં પ્રધાન તરીકે વાપસી બાદ સત્તામાં અક વર્ષ પરિપૂર્ણ કર્યા બાદ પત્રકારો સાથે વાતચીત કરતા ચિદમ્બરમે કહ્યુ હતુકે અર્થતંત્ર વર્તમાન નાણાંકીય વર્ષમાં ૫.૫થી ૬ ટકાના દરે આગળ વધશે જે એક વર્ષ અગાઉ પાંચ ટકાનો ગ્રોથ રેટ હતો. નાણાં મંત્રીએ એમપણ કહ્યુ હતુ કે મે અને જુન મહિનામાં સતત બે મહિના સુધી નિકાસમાં ઘટાડો થયા બાદ સરકારે એન્જિનિયરીંગ, ટેક્સટાઈલ્સ અને અન્ય ક્ષેત્રોને રાહત આપી છે. અન્ય ક્ષેત્રમાં એન્જિનિયરીંગ અને ટેક્સટાઈલ્સમાં વ્યાજ સહાય વધારવાનો નિર્ણય લેવાયો છે. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે રેડલાઈન પાર કર્યા વગર બંને અતિ મહત્વપૂર્ણ અને જટીલ બની ગયેલી ખાદ્યને કાબૂમાં લેવા માટે પગવલા લેવામાં આવશે. આરબીઆઈની પોલીસીના સંબંધમાં તેઓએ કોઈ વધારે વાત કરી ન હતી.




રૂપિયો એક વખતે સ્થિર થઈ ગયા બાદ વ્યાજદર ફરી એકવાર ઘટવાની શરૂઆત થશે તેવો સંકેત પણ તેમણે આપ્યો હતો. ચિદમ્બરમે ગયા વર્ષે પહેલી ઓગસ્ટના દિવસે મંત્રાલયમાં હવાલો સંભાળ્યો હતો. તેમણે કહ્યુ હતુ કે બિનજરૂરી લકઝરી વસ્તુઓ પર આયાત ડ્યુટીમાં વધારો કરવામાં આવશે સાથે સાથે વર્તમાન ખાતાકીય ખાદ્યને અંકુશમાં લેવા નિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. સરકાર સીએડીને કાબૂમાં લેવા ઈસીડી ધારાધોરણોને સરળ કરશે. વિદેશી મૂડીરોકાણને આકર્ષણ કરવામાં આવશે. એનઆરઆઈ ડિપોઝિટને મહત્વ આપવામાં આવશે. રૂપિયા અંગે પ્રશ્નોના જવાબમાં પ્રધાને કહ્યુ હતુ કે તેઓએ કોઈ ટાર્ગેટ નક્કી કર્યા નથી પરંતુ ઉથલપાથલને રોકવા માટે તમામ પગલા લેવામાં આવશે. રૂપિયો આજે સવારે કારોબારમાં ખૂબ નીચી સપાટીએ પહોંચી ગયો હતો. કેટલાક સેક્ટરમાં મર્યાદા વધારીને એફડીઆઈ પોલીસીને હળવી કરવામાં આવશે. ઓટોમેટિક રૂટ હેઠળ ઘણા ક્ષેત્રોમાં વિદેશી રોકાણોને મંજુરી અપાશે. નાણાંમંત્રીએ આજે શ્રેણીબદ્ધ મુદ્દાઓ પર વાત કરી હતી. ત્રીજી ઓગસ્ટના દિવસે વિરોધ પક્ષોને મળનાર છે. જુન અને જુલાઈમાં સોનાની આયાત વાર્ષિક આધારે ઘટી હતી. વિદેશી બોન્ડ જારી કરવા માટે પૂરતા પ્રમાણમાં પીએસયુ બેલેન્સશીટ છે. મહેસૂલ ટાર્ગેટને લઈને કોઈ પણ શંકા નથી.

## ઉત્તરપ્રદેશને ચાર રાજ્યોમાં વિભાજિત કરવા માટે માંગ

નવી દિલ્હી,તા. ૩૧

અલગ તેલંગાણા રાજ્યની રચનાના કેન્દ્ર સરકારના નિર્ણયનું સ્વાગત કરીને બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતીએ આજે ઉત્તરપ્રદેશમાંથી ચાર રાજ્યો બનાવવાની પોતાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો હતો. ઉત્તરપ્રદેશને ચાર ભાગોમાં વિભાજિત કરવાની માયાવતીએ માંગણી દોહરાવી હતી. પૂર્વાંચલ, બુંદેલખંડ, અવધપ્રદેશ અને પશ્ચિમ પ્રદેશ એમ ચાર નાના રાજ્યોની ઉત્તરપ્રદેશમાંથી રચના કરવાની માંગણી આજે કરવામાં આવી હતી. વર્ષ



૨૦૧૨માં વિધાનસભાની ચૂંટણી પહેલા પણ આ પ્રકારની માંગણી માયાવતી દ્વારા કરવામાં આવી હતી. લખનૌમાં એક પત્રકાર પરિષદને સંબોધતા માયાવતીએ કહ્યુ હતે કે તેઓએ વિધાનસભાની ચૂંટણી પહેલા આ પ્રકારની માંગ કરી હતી.

અલબત્ત આ જુગાર નિષ્ફળ ગયો હતો અને તેમને સફળતા મળી ન હતી. તેઓ હજુ માને છે કે ચાર રાજ્યોમાં ઉત્તરપ્રદેશના વિભાજનની બાબત યોગ્ય છે. અમે હંમેશા નાના રાજ્યોને ટેકો આપતા રહ્યા છે. ચાર રાજ્યોમાં વસ્તી વિભાજિત કરી દેવાથી વિકાસની પ્રક્રિયા વધુ ઝડપી બની શકે છે. માયાવતીએ ઉમેર્યુ હતુ કે ઉત્તરપ્રદેશમાંથી કેન્દ્ર સરકારમાં રહેલા પ્રધાનોએ આ રાજ્યની રચના માટે કેન્દ્ર સરકાર પર દબાણ વધારી દેવું જોઈએ. બસપના વડાએ ઉમેર્યુ હતુ કે રાજ્યના મુખ્યમંત્રી તરીકેના તેમના ગાળા દરમિયાન તેમની સરકારે આ સંબંધમાં એક દરખાસ્ત પસાર કરી હતી જો કે સમાજવાદી પાર્ટીએ આનો વિરોધ કર્યો હતો. ભારતના ૨૯માં રાજ્ય તરીકે અલગ તેલંગાણાની રચનાને મંજુરી આપવામાં આવ્યા બાદ ફરી એકવાર ગતિ વધી ગઈ છે. અલગ રાજ્યોની માંગણી તીવ્ર બની ગઈ છે. કોંગ્રેસ કારોબારી સમિતિ અને યુપીએના સાથી પક્ષોએ મંગળવારે દેશના ૨૯માં રાજ્ય તરીકે અલગ તેલંગાણાની રચનાને લીલીઝંડી આપી હતી.